# 14. જન્મોત્સવ

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:**

**1) લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની લોકો રાહ જોઈ રહ્યા હતા, કારણ કે...**

(A) વીજળીની કરામતથી કૃષ્ણજન્મનું દ્રશ્ય ઊભું થવાનું હતું

(B) માણકી બાળકને જન્મ આપવાની હતી.

(C) કિનખાબનો પડદો ખરેખર લીલા રંગનો હતો.

(D) નાટક રજૂ થઈ રહ્યું હતું.

**2) ‘જન્મોત્સવ’ પાઠમાં લેખક શું કહેવા માગે છે?**

(A) લેખક કશું જ કહેવા માગતા નથી.

(B) કૃષ્ણજન્મનું મહત્વ સમજાવવા માગે છે.

(C) સમાજની બે જુદી જુદી પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરવા માગે છે.

(D) પૈસાદાર લોકો જે પુણ્યશાળી છે.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

**1) “હાવ બેઠો રિયે ઈમ કરવું સે કે પછી લાકડીના ટેકે હાલીને ભીખ માંગે ઇમ કરવું સે?” – આ વાક્ય કોણ બોલે છે?**

- “હાવ બેઠો રિયે ઈમ કરવું સે કે પછી લાકડીના ટેકે હાલીને ભીખ માંગે ઇમ કરવું સે?” – આ વાક્ય વેલજી ડોસો બોલે છે.

**2) ફગફગિયો દીવો બુઝાઈ જવાની સાથે બીજી કઈ ઘટના બની?**

- ફગફગિયો દીવો બુઝાઈ જવાની સાથે બીજી ઘટનારૂપે બાળકનું રુદન ગાજી ઊઠ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :

### 1) અસિતે કૃષ્ણજન્મની કઈ તરકીબ રચી હતી તે જણાવો.

- અમેરિકાથી ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગનું ખાસ શિક્ષણ મેળવીને આવેલા અસિતે કૃષ્ણજન્મ માટે સૌને આશ્ચર્યચકિત કરી દે તેવી વીજળીની તરકીબ રચી હતી. એમાં કારાગૃહમાં કૃષ્ણનો જન્મ, વર્ષાની ધારા, વસુદેવનું કૃષ્ણને લઈને જમુના ઓળંગીને ગોકુળ જવું - આ દૃશ્યો અવાજ સાથે માણી શકાય એવી તરકીબ વાપરી પોતાના ટેક્નોલૉજીના જ્ઞાનથી આબેહૂબ તૈયાર કર્યાં હતાં.

### 2) કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતા હતા ? શા માટે ?

- કાનજી અને દેવજી બાળકને લઈને, ઘૂંટણસમા પાણી ડહોળતા વેલજી ડોસાને ઘેર જતા હતા. વેલજી ડોસા નવજાત શિશુના ટાંટિયા વાળી આપવાનો ધંધો કરે છે. ટાંટિયા વાળવા એટલે બાળકને આજીવન અપંગ કરી દેવું. કાનજી અને દેવજી બાળકના ટાંટિયા વળાવવા જતા હતા.

## 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર આપો :

### 1) નિજમંદિરમાં ઊભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય વર્ણવો.

- મુખિયાજી કૃષ્ણજન્મોત્સવની તૈયારીમાં પરોવાઈ ગયા. અસિતે પોતાના ટેક્નોલૉજિકલ જ્ઞાનના આધારે વીજળીની તરકીબથી કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય ખડું કર્યું છે. આકાશમાંથી તેજનો પુંજ અવતરતો, દેવકીના ખોળામાં, બાળકરૂપે ઝૂલવા લાગ્યો. એકાએક કાંસા, ઝાલર, મંજીરા અને શંખનો તુમુલ ધ્વનિ થયો. બહાર બેઠેલા રામદીન શરણાઈવાળાએ પ્રભાત નહોતું થયું છતાં પ્રભાતના બિભાસ સૂર છેડ્યા. મુખિયાજીએ તૈયાર કરેલા અન્નકૂટમાં પણ રંગોની યોજના ચતુરાઈપૂર્વક કરી હતી. વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળ જવા નીકળતાં દેવકી કરગરવા લાગી. આખરે વસુદેવ કૃષ્ણને હળવેકથી છાબમાં મૂક્યા. અંગૂઠો ધાવતા, વટપત્રમાં સૂતેલા ભગવાનના ચહેરા પર ભુવનમોહક હાસ્ય હતું. વરસતા વરસાદમાં વસુદેવ કૃષ્ણને લઈને જમનાજીના કાંઠે આવ્યા અને તેમણે એ નદીનાં પાણીમાં પ્રવેશ કર્યો ન કર્યો ત્યાં એકદમ પાણીને ડહોળતો સરરર કરતોકને અવાજ આવ્યો. બંને ગોકુળ પહોંચતાં જ કૃષ્ણજન્મોત્સવ શરૂ થયો, જશોદા મૈયાએ કૃષ્ણકુંવરને શણગાર્યા. ગોપબાળના હર્ષોલ્લાસથી વનરાજી ગાજી ઊઠી, સૌને પંચાજીરીનો પ્રસાદ આપ્યો, શરણાઈએ લલિત રાગ છેડ્યો, અસિત ખેલ પૂરો કરી બહાર આવ્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2) નવજાત બાળકની કરુણતાને તમારા શબ્દોમાં આલેખો.

- 'જન્મોત્સવ' નવલિકામાં નવજાત બાળક કિસન સાથે બનેલી ઘટના હૃદયને કંપાવી મૂકે તેવી રીતે વર્ણવાઈ છે. બસ-સ્ટેન્ડની નજીક એક ઝૂંપડામાં પ્રસૂતિની વેદનાથી કણસતી માણેક નામની એક ગરીબ સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો ત્યારથી જ એ નવજાત બાળકના જીવનની કરુણાનો આરંભ થયો. જન્મતાંવેંત નવજાત બાળકને તેના પિતા કાનજી અને દેવજી વરસતા વરસાદના પાણી ડહોળતાં અંધારી રાતે વેલજી ડોસા પાસે લઈ ગયા. ડોસાના હાથમાં બાળક સોંપતાં કહ્યું કે, "જરા એના ટાંટિયા વાળી લો ને!" આ શબ્દો જ હૈયામાં કંપારી જગાવે છે. ડોસાએ તો પળવારમાં બાળકના ઘૂંટણને મરડી ને ટાચકા ફોડી નાખ્યા. બાળકની ચીસ હવાને વીંધી ગઈ. દેવજીએ કાનજીને કહ્યું, "કાનજી, હવે તારો છોકરો ભૂખે નહિ મરે !" ભૂખને સંતોષવા માટે લીધેલું આ પગલું કેટલું દર્દનાક અને ક્રૂર છે ! નિર્દોષ, નવજાત બાળકનો શો વાંક? એને જન્મતાં જ અપંગ બની જવું પડ્યું ! આનો જવાબ વાર્તાના અંતમાં મળે છે. ધખતી બપોરે માણેકની સાથે કાનજી પતરાની નાનકડી ગાડીમાં બાળક કિસનને બેસાડી શહેરના રસ્તા વચ્ચે થઈને ખેંચી રહ્યો છે. પોતે આંધળો છે, દીકરો અપંગ છે. ઘરમાં આવકનું કોઈ સાધન નથી એટલે ભીખ માંગીને જીવવાનું છે અને ભીખ માટે નિર્દોષ બાળક કિસનને અપંગ બનાવવો જરૂરી હતો. આ નવજાત બાળકની કરુણા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in